રાજભવન, ગાંધીનગર.
તા. ૨૩/૦૯/૨૦૧૫

**રાજયપાલશ્રી ઉપસ્થિતિમાં રાજભવન વસાહત યુવક મંડળ દ્વારા ગણેશોત્સવની શ્રદ્ધા અને ભકિતભાવપૂર્વક ઉજવણી કરાઈ**

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલી ગણેશોત્સવના પવિત્ર પર્વે ગઈકાલે રાજભવન વસાહત યુવક મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. રાજયપાલશ્રી અને શ્રીમતી અવિનાશ કોહલીએ વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશજીની પૂજા–અર્ચના કરી હતી.

આ પ્રસંગે રાજયપાલશ્રી અને શ્રીમતી અવિનાશ કોહલીએ રાજભવન પરિવારના બાળકો દ્વારા યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ રસપૂર્વક નિહાળ્યો હતો.

રાજભવન વસાહત યુવક મંડળ તથા અન્ય હોદ્દેદારોએ રાજયપાલશ્રી અને શ્રીમતી અવિનાશ કોહલીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

રાજભવનના અધિકારીઓ, કર્મચારીઓ તથા તેમના પરિવારજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને માણ્યો હતો.

———————————

પ્રેસ સચિવ

રાજભવન, ગાંધીનગર.
તા. ૧૬/૦૯/૨૦૧૫

# ગણેશ ચતુર્થીના પાવન પર્વે રાજ્યપાલશ્રીની શુભકામનાઓ

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે રાજ્યના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

તેમના શુભ સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું છે કે વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશનું પુનીત પર્વ પરમ શ્રધ્ધા, ભકિતભાવ અને ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે. આ પર્વ સમાજમાં સુખ–શાંતિ અને બંધુત્વની ભાવનાનું ઘોતક છે.

————————————

પ્રેસ સચિવ

राजभवन, गांधीनगर ।
दिनांक : १६/०९/२०१५

# गणेश चतुर्थी के पर्व पर राज्यपाल की शुभकामनाएं

गुजरात के राज्यपाल श्री ओ० पी० कोहली ने गणेश चतुर्थी के पावन पर्व पर राज्य के सभी नागरिकों को हार्दिक शुभकामनाएं दी हैं।

राज्यपाल ने अपने शुभ संदेश में कहा है कि विघ्नहर्ता भगवान श्री गणेश का यह पर्व परम श्रद्धा, भक्तिभाव एवं उल्लास के माहोल में मनाया जाता है। यह पर्व समाज में सुख-शांति एवं आपसी भाइचारे की भावना का द्योतक है।

------------------------

प्रेस सचिव